

# લોકસભાની ચૂંટણીનાં પરિણામો

## થોડા છૂટાછવાયા વિચારો અને થોડું ચિંતન

દેશની સૌથી લાંબી ચૂંટણીનાં પરિણામ આવી ગયાં છે. લોકો તેની ચર્ચા કરીને થાક્યા હતા. એમાં પાછી ગરમી જીવ લઈ ગઈ. લોકો હવે, વહેલા વરસાદની અને ખુશનુમા સંસદની આશામાં તેમની રોજિંદી પળોજણમાં પરોવાઈ જશે. તેમણે તેમનો મત આપી દીધો છે, હવે નેતાઓએ તે મત પર વ્યવહાર કરવાનો છે. હવે પાંચ વર્ષ પછી વાત. ત્યાં સુધી 2024ને કેવી રીતે યાદ રાખીશું? થોડા છૂટાછવાયા વિચારો અને થોડું ચિંતન

***

દેશનું નેતૃત્વ જેના હાથમાં હોય, તે વ્યક્તિ કે વ્યક્તિઓની વૈચારિક ક્ષમતા અને દૂરંદેશીથી આગળ જઈને, એક દેશ સામૂહિક અને સ્વતંત્રત રીતે પોતાના હિતમાં વિચાર કરી શકે અથવા પોતાના ભવિષ્યને જોઈ શકે? કે પછી જે લોકો શિખર પર બેઠા છે અને જેમના હાથમાં દેશની કમાન છે, તેમની જે સમજ હોય, તે જ સમજ પૂરા દેશની હોય? એક વ્યક્તિનું વિઝન એ પૂરા દેશનું વિઝન હોય?

ધારો કે તે વ્યક્તિની વૈચારિક ક્ષમતા મર્યાદિત હોય, તેનામાં અણઆવડત હોય અને તેનું વિઝન ત્રુટિપૂર્ણ હોય, તો તે વૈચારિક મર્યાદા, તે અણઆવડત અને તે ત્રુટિ પણ પૂરા દેશની લાક્ષણિકતા બની જાય? બીજી રીતે કહીએ તો, નેતાની ક્ષમતા એ દેશની ક્ષમતા અને નેતાની મર્યાદા એ દેશની મર્યાદા, એવું ગણાય?

એક દેશની બૌદ્ધિકતાનું સ્વરૂપ કેવું હોવું જોઈએ? નીચેથી ઉપર કે ઉપરથી નીચે? મતલબ કે બધી બુદ્ધિ પર નેતૃત્વનો અધિકાર હોવો જોઈએ અને જનતા માત્ર અંધ અનુચર હોવી જોઈએ? કે પછી જનતામાં સર્વોત્તમ જ્ઞાન વિકસેલું હોવું જોઈએ અને તે સમય સમય પર નેતૃત્વની મદદે આવવું જોઈએ?

***

સરકારનો અર્થ જ સત્તા થાય છે, અને તમે માણસના હાથમાં એ સત્તા સોંપો, એટલે એનો દુરુપયોગ થવાનો જ. જેની પાસે સત્તા હોય તે માણસ સામાન્ય રીતે જેની પર હુકુમત ચલાવાની હોય તે માણસો કે સંસ્થાઓથી દુર થઇ જાય છે. એટલે 'શુદ્ધ' ઈરાદાવાળી વ્યક્તિ પણ તેની સત્તાની નકારાત્મક અસરો વિશે બેખબર રહે છે અને તે ઉત્તરોત્તર સત્તાનો દુરુપયોગ કરતી રહે છે.

**ફાયરવોલ**
રાજન ગાંધી

માણસ બુનિયાદી રૂપે પશુ છે. ઉચિત-અનુચિતની તેની ભાવના 'જેની લાઠી તેની ભેંસ'ની પાશવિક ભાવનામાંથી આવે છે. માણસ શુદ્ધ છે અને તે સત્તાનો દુરુપયોગ નહીં કરે એ આશા કમરામાં નગ્ન સ્ત્રીને જોઈને પુરુષ રેપ ન કરે તેવી આશા રાખવા જેવું છે.

કાયદાશાસ્ત્રમાં તેની સાદી સમજણ છે: માણસની નૈતિકતા સ્વયંભૂ નથી હોતી. તેને જ્યારે બીજા લોકોનો ડર લાગે, ત્યારે તે નૈતિક વ્યવહાર કરે. હું કશું ખરાબ કરીશ તો બીજા લોકો આવીને મને અટકાવશે એ સમજણ મને અશુદ્ધ બનતાં અટકાવે છે.

સત્તા ઉપર એટલા માટે મીડિયા અને અદાલત જેવી સ્વતંત્ર સંસ્થાઓની ધૂંસરી હોય છે. અસલમાં શુદ્ધ ઈરાદાવાળો માણસ તેની પરની ધૂંસરીઓને ઔર મજબૂત કરે. જેનો ઈરાદો મલિન હોય, તે સતત એવી ફરિયાદ કરે કે મને હજુ વધુ સત્તા જોઈએ છીએ.

***

શ્રદ્ધાનો હો વિષય તો પુરાવાની શી જરૂર, એવું શાયર જલન માતરીએ ભલે ઈશ્વરમાં શ્રદ્ધા માટે લખ્યું હોય, પણ આપણે જે લીડરમાં વિશ્વાસ રાખીએ છીએ, તેના માટે પણ એ એટલું જ સાચું છે. આપણે જ્યારે એક લીડરની ક્ષમતામાં આપણી શ્રદ્ધાને આરોપિત કરીએ છીએ, ત્યારે આપણે આપણા 'હું'ને લીડર સાથે આઈડેન્ટિટીફાઈ કરીએ છીએ. આ પણ એકાત્મતાનું જ સ્વરૂપ છે. આપણે આપણી જાતનું પ્રતિબિંબ લીડરમાં જોવાનું ચાલુ કરી દઈએ છીએ. એટલે જ લીડરની નિષ્ફળતાને જોવા કે સ્વીકારવાની આપણી ક્ષમતા ઘટી જાય છે. આપણે તેની સકારાત્મક બાબતો પર જ ફોકસ કરીએ, અને નકારાત્મક બાબતોને ગૌણ અથવા ક્ષણિક ગણીને નજરઅંદાજ કરીએ છીએ. કહેવાનો અર્થ એ કે આપણને આપણી શ્રદ્ધા, આપણી નિર્ણયશક્તિ અને આપણી તાર્કિકતામાં એટલો બધો ભરોસો હોય છે કે તેને અડીખમ રાખવા માટે લીડરની દેખીતી નિષ્ફળતા સામે આંખ આડા કાન કરવાનું અનિવાર્ય બની જાય છે. લીડરમાંથી વિશ્વાસ ગુમાવવો એટલે 'હું'માંથી વિશ્વાસ ગુમાવવો.

***

ઉત્તમ લીડર તેને કહેવાય, જે જ્યારે જરૂર હોય ત્યારે જ નેતૃત્વ કરે. 'વધુ પડતું' નેતૃત્વ ખરાબ સાબિત થાય છે. દરેક બાબત પર નિયંત્રણ હોય તે ઉત્તમ નેતૃત્વની નિશાની નથી. નેતાએ યોજનાઓ માટે, પરિસ્થિતિઓ માટે કામ કરવાનું હોય છે, પોતાના માટે નહીં. મહત્વકાંક્ષા સારી બાબત છે, પણ એમાં સાથેના લોકો પણ મોટા થવા જોઈએ. નિષ્ણાંત લોકોને કામ કરવા દે, તેમને મોરચો આપે, તે ઉત્તમ નેતા કહેવાય.

તેને પોતાની ટીમની તાકાત અને કમજોરીની ખબર હોય. ઉત્તમ નેતાને દરેક ચીજની મૂળભૂત સમજ હોય, પણ એ બધું જાતે ન કરે. તેને પ્રતિભા ઓળખતાં આવડે અને તેવી વ્યક્તિને અધિકાર આપીને ટીમમાં સામેલ કરે. યોગ્ય વ્યક્તિને યોગ્ય કામમાં

**સરકારનો અર્થ જ સત્તા થાય છે અને તમે માણસના હાથમાં એ સત્તા સોંપો એટલે એનો દુરુપયોગ થવાનો જ. જેની પાસે સત્તા હોય તે માણસ સામાન્ય રીતે જેની પર હકૂમત ચલાવાની હોય તે માણસો કે સંસ્થાઓથી દૂર થઇ જાય છે. એટલે 'શુદ્ધ' ઈરાદાવાળી વ્યક્તિ પણ તેની સત્તાની નકારાત્મક અસરો વિશે બેખબર રહે છે અને તે ઉત્તરોત્તર સત્તાનો દુરુપયોગ કરતી રહે છે.**

લગાવવી એ ઉત્તમ નેતાની નિશાની છે. પોતે શ્રેય ક્યારેય ન લે. ઉત્તમ નેતા એને જ કહેવાય જે ટીમને મહત્વકાંક્ષી બનાવે અને તેને આગળ ધરે. ઉત્તમ નેતા 'હું' શબ્દનો ઓછો ઉપયોગ કરે, અને 'અમે'નો વધુ કરે. ઉત્તમ નેતા નિષ્ફળતામાં કોઈને દોષ ન દે અને સફળતામાં સૌને ભાગીદાર બનાવે.

તે અસલામત અને નકારાત્મક ન હોય. ઉત્તમ નેતાને આત્મવિશ્વાસ અને અહંકાર વચ્ચેના ફર્કની સમજ હોય. આત્મવિશ્વાસથી બીજા લોકો પ્રેરિત થાય. અહંકારથી બીજા લોકો નિષ્ક્રિય થાય. ઉત્તમ નેતા નિષ્ફળતાથી પોતાની ચિંતા ન કરે અને સફળતાથી ફુલાઈ ન જાય. ઉત્તમ નેતા તેના આત્મવિશ્વાસ અને સકારાત્મકતાથી ટીમમાં જોશ પૂરે. જે બીજાનું બહેતર બહાર લાવે, તે ઉત્તમ નેતા.

***

વિન્સ્ટન ચર્ચિલ દ્વિતીય મહાયુદ્ધમાં બ્રિટનના પ્રધાનમંત્રી હતા. યુદ્ધની શરૂઆતથી જ બ્રિટનનો સામનો નાઝી જર્મનીથી થયો હતો. ચર્ચિલ ઉત્તમ નેતા ઉપરાંત એક સૈનિક અને યુદ્ધ રિપોર્ટર પણ હતા. ચર્ચિલના નેતૃત્વમાં બ્રિટન જર્મની સામે અડીખમ ઉભું રહ્યું એટલું જ નહીં, બ્રિટને કુનેહપૂર્વક અમેરિકા અને સોવિયેત સંઘ સાથે મોરચો બાંધ્યો હતો.

યુદ્ધમાં જર્મનીનો પરાજય થયો પછી ચર્ચિલ બ્રિટનમાં હિરો બની ગયા હતા. 1945માં, યુદ્ધ સમાપ્ત થયું તેના બે મહિનામાં ચર્ચિલે ચૂંટણી જાહેર કરી. તેમની કન્ઝર્વેટિવ પાર્ટીએ યુદ્ધમાં વિજયના નામે વોટ માંગ્યા, પણ જનતાએ, ચર્ચિલથી ઓછા લોકપ્રિય, લેબર પાર્ટીના ક્લેમેન્ટ એટલીને સત્તામાં ચૂંટ્યા. કેમ?

બ્રિટિશ જનતાએ એવું નક્કી કર્યું હતું કે યુદ્ધ વિજેતા તરીકે ચર્ચિલ ગમે તેટલા મહાન હોય, શાંતિકાળ માટે તે અયોગ્ય છે, અને ઘરેલું સમસ્યાઓ માટે એટલી અને તેમની લેબર પાર્ટી વધુ ઉત્તમ છે. ચર્ચિલને આનું બહુ દુ:ખ થયું હતું, પણ તેમને એમાં બોધપાઠ મળ્યો, અને થોડા જ વર્ષોમાં ચૂંટણી જીતીને પાછા સત્તામાં આવ્યા.

સાર: જન નાયકોનો આપણે આદર કરવો જોઈએ, ભક્તિ નહીં. આદરમાં તેમને તેમની જવાબદારીનું ભાન રહે છે. ભક્તિમાં તેઓ પોતાને આલોચનાની પાર ગણે છે.

# પરિણામો પછીની બેઠક

**બોલ્યું-ચાલ્યું માફ**
ઉર્વીશ કોઠારી

લોકસભાની ચૂંટણીનાં પરિણામો સામાન્ય રીતે હારનાર પક્ષ માટે શોકસભા જેવાં નીવડતાં હોય છે, પરંતુ 2024ની ચૂંટણી તેમાં અપવાદ ગણી શકાય કેમ કે તેમાં જીતેલા પક્ષનો આસમાને પહોંચેલો અહંકાર વેતરાઈ ગયો અને હારનાર પક્ષોનો દેખાવ નોંધપાત્ર રીતે સુધર્યો. એટલે પરિણામો પછીની ચિંતાબેઠક-- જેને ચિંતનબેઠક તરીકે પણ ઓળખવામાં આવે છે તે--વિપક્ષોને બદલે વિજેતા પક્ષમાં થાય એવી સંભાવના વધારે છે. કેવો હોઈ શકે તે બેઠકનો માહોલ? થોડી કલ્પના:

બેઠક નીચસ્તરીય છે-અને આ વિશેષણ બેઠકમાં થતી ચર્ચાની કે ટોચના નેતાની કક્ષાના આધારે નહીં પણ તેમાં ભાગ લેનારા સભ્યોના હોદ્દાના આધારે અપાયું છે.

**નેતા-1 :** જય શ્રી...

**નેતા-2 :** (હાથ ઊંચો કરીને ઉતાવળે અટકાવતાં) નહીં..નહી....આ વખતે 'જય જગન્નાથ' બોલવાનું છે. ચૂક થશે ને બેઠકનું રેકોર્ડિંગ ઉપર પહોંચશે તો...

**ખૂણામાંથી અવાજ :** હા ભઈ, ઓરિસ્સામાંથી જીત્યા ને અયોધ્યાના 100 Kmમાં પણ એકેય બેઠક નથી આવી, એ શી રીતે ભૂલી જવાય?

**નેતા-2 :** (ગુસ્સે થઈને) કોણ બોલ્યું? કોણ છે એ?

(કોઈ દેખાતું નથી એટલે મીટિંગ આગળ વધે છે.)

**નેતા-3 :** મને ખબર છે કે આ વખતે જે કંઈ પરિણામો આવ્યાં તેનાથી હવે બધાની હિંમત ખૂલી રહી છે પણ યાદ રાખજો, તમે શરતી ટેકો આપનારા પક્ષના નથી એટલે, તમારે તો પહેલાંની જેમ શિસ્તમાં જ રહેવાનું છે.

**નેતા-1 :** (ગણગણાટી કરતાં) હા, બિલકુલ, શિસ્તમાં, માપમાં, ધાકમાં, પગમાં...

**નેતા-4 :** અને ચૂંટણી પહેલાં આપણે જેમને કોંગ્રેસમાંથી તોડી ને તેડી લાવ્યા તેમને પણ?

**નેતા-3 :** (જરા કતરાઈને) હા વળી, તેમને પણ. તે વળી શું લાવ્યા? તેમને લાવતી વખતે જે કંઈ કહ્યું હોય તે પણ એક વાર અંદર આવી ગયા પછી તો ગળે પટ્ટો બંધાવવો જ પડે ને. શિસ્ત એટલે શિસ્ત.

**નેતા-1 :** ખરી વાત છે અને આપણો પક્ષ તો કેટલો બધો શિસ્તબદ્ધ. સાહેબના એક હુકમ પર લોકો કંઈ પણ કરવા તૈયાર થઈ જાય.

**ખૂણામાંથી અવાજ :** અને ન થાય તો પછી ED-CBIના સ્વાગત માટેની તૈયારી રાખવી પડે.

**નેતા-3 :** (ગુસ્સે થઈને) આ મીટિંગમાં કોને કોને બોલાવ્યા છે? ગમે તેવા લોકો ઘૂસી જાય છે.

**નેતા-4 :** એવું ધ્યાન તો લોકોને પક્ષમાં લેતી વખતે પણ આપણે ક્યાં રાખીએ છીએ? છોડો એ વાત ને કાર્યવાહી આગળ વધારો.

**નેતા-3 :** સૌથી પહેલાં તો મારે એ જાહેરાત કરવાની છે કે આપણે આ ચૂંટણી જીતી ગયા છીએ.

**નેતા-2 :** (કટાક્ષમાં) શું વાત કરો છો સાહેબ? અમને તો ખબર જ નહીં. સારું થયું તમે કહ્યું.

**નેતા-3 :** દોઢડાહ્યા થવાની જરૂર નથી. મારો કહેવાનો મતલબ એ હતો કે તમે આજુબાજુ અને સોશ્યલ મીડિયા પર વિપક્ષોને-તેમના સમર્થકોને-આપણા વિરોધીઓને ને એવા બધા દેશવિરોધી લોકોને ઉજવણી કરતા જોઈને ગુંચવાઈ ન જતા કે મોળા ન પડી જતા. તેમની ખુશી જોઈને તમને પરિણામ વિશે શંકા ન થાય એટલે મેં ચોખવટથી કહ્યું કે જીત તો આપણી જ થઈ છે.

**નેતા-4 :** તો પછી એ લોકો કેમ આટલા રાજી થાય છે? ને તેમની સામે આપણે શું કરવાનું?

**નેતા-2 :** આપણે વિપક્ષના નેતાઓને તોડી લાવીએ છીએ તો તેમના ટેકેદારોને પણ ન તોડી લવાય?

**નેતા-1 :** એંહ, ટેકેદારોને તોડવાની ક્યાં જરૂર છે. આપણી પાસે ઓછા છે? તેમની પાસે તો છૂટાછવાયા ટેકેદારો છે, આપણી પાસે તો ભક્તોનું ઝુંડ છે. આપણા એક ઈશારે તે ગલીચમાં ગલીચ પ્રચાર પણ ચલાવવા માંડશે. બસ, અવાજ કરો તમે.

**નેતા-3 :** શાંતિ...શાંતિ...આમ, આકળા થવાની જરૂર નથી. ધીરજ રાખો અને થોડી રાહ જુઓ. IT સેલ અત્યારે તેની પર જ કામ કરી રહ્યો છે. ટૂંક સમયમાં આપણને ઉજવણી કરનારા ટીકાકારો પર જવાબી હુમલો કરવાની સામગ્રી મળી જશે. ત્યાં સુધી કોઈએ પોતાની બુદ્ધિ ચલાવવાની નથી.

**ખૂણામાંથી અવાજ :** એના માટે કોઈને અલગથી કહેવું પડે એમ છે? બધાને પૂરતી લાંબી પ્રેક્ટિસ થઈ ચૂકી છે.

(આ વખતે નેતા-3 અવાજને સાંભળ્યો-ન સાંભળ્યો કરે છે.)

**નેતા-1 :** તમારી સૂચના પાળીને ઉપરથી આવનારી ટ્રોલિંગસામગ્રીની રાહ જોઈશું પણ એ તો કહો કે આપણા ટીકાકારો આટલા બધા રાજી કેમ છે?

(નેતા-3 માથું અને હાથ હલાવીને, સવાલ પૂછનારને મીટિંગ પછી બહાર મળવાનો ઇશારો કરે છે)

**નેતા-2 :** આપણી તરફથી આ વખતના પ્રચારમાં કશી કસર રાખી ન હતી. મતદારોથી માંડીને તેમની ભેંસોના યોગક્ષેમની ચિંતા પણ આપણે કરી હતી.

**નેતા-4 :** અમારા ઓળખીતા એક ભક્તની પત્નીએ તો નવું મંગળસૂત્ર પણ બનાવવા આપી દીધું હતું-ઇન કેસ, અત્યારનું મંગળસૂત્ર કોઈ પાર્ટીવાળા છીનવી લે તો?

**નેતા-3 :** શાબાશ, આવા લોકો જ આપણું ભવિષ્ય છે. તેમના થકી આપણે આ દેશની સેવા કરીશું કારણ કે, આપણને સત્તા આવા લોકો જ આપશે. સત્તાની આપણને પડી નથી. સાહેબે કહ્યું જ છે ને કે એ તો ઝોળો લઈને હાલતા થશે.

**નેતા-1 :** પણ એમની પાસે જાતજાતના ડીઝાઇનર્સ ઝોળા હશે. મને એવા ઝોળા પોસાતા હોય તો હું અત્યારે જ હાલતો થાઉં.

**નેતા-3 :** એ બધી વાતો છોડો. આપણે જીતના આનંદનો ઠરાવ પસાર કરીને છૂટા પડીએ. ઝોળાનો જથ્થાબંધ ઓર્ડર આપવો કે નહીં, પછી નક્કી કરીશું.




**ટેકેદારોને તોડવાની ક્યાં જરૂર છે. આપણી પાસે ઓછા છે? તેમની પાસે તો છૂટાછવાયા ટેકેદારો છે, આપણી પાસે તો ભક્તોનું ઝુંડ છે. આપણા એક ઈશારે તે ગલીચમાં ગલીચ પ્રચાર પણ ચલાવવા માંડશે. બસ, અવાજ કરો તમે**

## ઈશિતાનું અલકમલક

### બાબુમોશાય, આ મમતાદીદીનું બંગાળ છે!



મમતાદીદીનું બંગાળ અનેક રીતે અનોખું છે. અમુક વાર તો ત્યાં જે ઘટના બને એ પણ આગવી બને.

થોડા દિવસ પહેલાં આ કૉલમમાં જ 'ઈશિતા'એ તમને ખબર આપ્યા હતા કે મુખ્ય મંત્રી મમતાદીદી ગમે ત્યારે સામેથી અકસ્માતને આકર્ષી શકે છે. હાલતાં -ચાલતાં એ ભફાંગ થઈ જાય. એ પડે ત્યારે પોતે તો ઈજાગ્રસ્ત થાય પણ એથી વધુ 'ઈજા' એમના વિરોધીઓને થાય છે! કોઈ પણ મહત્ત્વની રાજકીય ઘટના આકાર લેવાની હોય ત્યારે મમતાદીદી જો ઈજાગ્રસ્ત થાય તો એ ઘટનાનાં પરિણામ અચૂક મમતાજીની ફેવરમાં આવે- લાભ એમને જ થાય! રાજકીય પંડિતોના સંશોધન ( ને જ્યોતિષીઓ પણ ખરા!) અનુસાર પશ્ચિમ બંગાળમાં વિધાનસભા કે લોકસભાની ચૂંટણી યોજાવાની હોય-એનો જોરશોરથી પ્રચાર ચાલતો હોય ત્યારે દીદી જો ઈજા પામે તો ચૂંટણીનાં પરિણામ અચૂક મમતાદીદીના પક્ષને જ ફળે છે અને એટલે જ એમના વિપક્ષીઓ મનોમન ભગવાનને પ્રાર્થના કરતા રહે છે કે " હે ઠાકુરજીહે, ભગવાન, મમતાજીને ઈજાથી બચાવજો એ ઈજાગ્રસ્ત થશે તો અમે ગયા કામથી!" - અને આ વખતની ચૂંટણીનાં પરિણામ આવી ગયાં છે અને એમના વિપક્ષીઓ અને વિરોધીઓની વાત ઉપરવાળાએ સાંભળી નથી ને મમતાદીદી આ વખતે પણ પડ્યાં એ સાથે વિપક્ષોનેય પાડતાં ગયાં. પોતાના બધા વિરોધીને હંફાવીને લોકસભાની એક સાથે 29 બેઠક ખેંચી લાવ્યાં છે! મૂળ વાત પર આવીએ તો આવાં આ મમતાદીદીના બંગાળમાં હમણાં એક અજબ-ગજબનું જોણું થયું છે.

કેટલીક વાર અમુક કિસ્સામાં કોર્ટ દ્વારા કોઈ એક ચોક્કસ વ્યક્તિની નિયુક્તિ કરવામાં આવે છે, જે કાનૂની ભાષામાં 'એમિક્સ ક્યૂરી' તરીકે ઓળખાય છે . આ 'એમિક્સ ક્યૂરી' એટલે 'ન્યાયમિત્ર' ,જે તટસ્થ રીતે કોર્ટને અમુક કેસમાં કાનૂની રીતે મદદરૂપ થાય છે. આવા એક 'અદાલતના મિત્ર'ને કોર્ટે બંગાળની જેલોમાં મહિલા કેદીઓની હાલત -સ્થિતિ - પરિસ્થિતિ વિશે તપાસ કરવા કહ્યું હતું. આ ' ન્યાયમિત્રે' કોર્ટને હમણાં એક રિપોર્ટ આપ્યો છે જે ચોંકાવનારો છે. એ અહેવાલ અનુસાર મહિલા કેદીઓએ એમના જેલવાસ દરમિયાન 196 બાળકોને જન્મ આપ્યો છે! કોર્ટ -જેલ પ્રશાસનને મૂંઝવતો સવાલ એ છે કે મહિલા જેલમાં આ સ્ત્રી અપરાધીઓ સગર્ભા બની કઈ રીતે?! આની તપાસ ચાલુ છે. હજુ સુધી આનો ગળે ઊતરે એવો જવાબ મળ્યો નથી. આ કોયડાનો જવાબ કદાચ જલદી ન પણ મળેકારણ કે બાબુમોશાય, આ મમતાદીદીનું સોનાર બંગાલ છે!



### 96નાં મહારાણી ને 93ના વીર-મેરેજવાળા!



બ્રિટનનાં મહારાણી એલિઝબેથ-2 બે વર્ષ પહેલાં અવસાન પામ્યાં ત્યારે એ 96 વર્ષનાં હતાં. 1952માં એ મહારાણીપદે બિરાજ્યાં પછી એમણે 70 વર્ષ અને 214૪ દિવસ સુધી 'રાજ' કર્યું. બ્રિટિશ સત્તાનો સૂરજ જ્યારે આથમતો ન હતો ત્યારે બ્રિટનના તાબામાં હતા એવા 52 દેશના કુલ 179 પ્રાઈમ મિનિસ્ટરનાં એ મહારાણી રહ્યાં. આ દરમિયાન બ્રિટનના 15 જેટલા વડા પ્રધાન આવ્યા ને ગયા! આ ' ઈતિહાસ ' એટલા માટે ઉખેળ્યો કારણ કે મૂળ ઓસ્ટ્રલિયાના અને 2 અબજ ડોલરની સંપત્તિ ધરાવતા અમેરિકન અબજોપતિ 93 વર્ષી રૂપટ મર્ડોક તાજેતરમાં પરણ્યા છે પાંચમી વાર! 50થી વધુ દેશમાં હજારો અખબાર- TV ચેનલ્સના માલિક એવા આ 'મીડિયા મોગલ' ની તાજી- પાંચમી પત્ની એલેના ઝુકોવા રશિયન વિજ્ઞાની છે અને એ રૂપક મર્ડોકથી 26 વર્ષ નાની છે! બાય ધ વે, રૂપકની સૌથી મોટી પુત્રીની પણ વય છે 67વર્ષ ! આમ એક તરફ, બ્રિટનનાં સદગત મહારાણી જેમ અનેક રેકોર્ડ ધરાવતાં હતાં એવો જ અનોખો કહેવાય એવો વિક્રમ 93 વર્ષે પાંચમી વાર પરણીને આ રૂપકજીએ સર્જ્યો છે. બીજા શબ્દોમાં કહીએ તો આ 'વીર લગ્નવાળા' અબજોપતિ રૂપક મર્ડોકની આ પાંચમી વાર 'પતિ' બનવાની પ્રક્રિયા છેક આપણા પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નહેરુના યુગથી શરૂ થઈને હાલના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના આજના યુગ સુધી પહોંચી ગઈ છે! અહીં આપણને જિજ્ઞાસા એ જાગે કે આવા વયોવૃદ્ધ સાથે કોઈ સ્ત્રી શા માટે મેરેજ કરે છે? વેલ,'સંપત્તિ જયાદા- ઉમર જયાદા ઔર અબ જિંદા રહેના કે સમય કમ' ની મેજિક ફોર્મ્યુલા કામ કરી જાય છે!



### ઈશિતાનું ઈત્યાદિ ઈત્યાદિ

» ચૂંટણી કોઈ પણ હોયપણ આખરે એ તો એક આંકડાની જબરી રમત છે. એની આંકડાબાજી જ કોઈને હરાવે -કોઈને જીતાડે. વડા પ્રધાન જ્યારે પણ કોઈ ચૂંટણીસભા સંબોધે ત્યારે એ ક્યો શબ્દ કેટલી વાર બોલ્યા એની ખાસ નોંધ લેવાય છે. તાજેતરની લોકસભાની ચૂંટણી દરમિયાન વડા પ્રધાને કુલ 206 પ્રચારસભા સંબોધી હતી. એમાંથી 150 જેટલી સભામાં એ ક્યા કયા શબ્દો કેટલી વાર બોલ્યા એની તારવણી કરવામાં આવી હતી. એ અનુસાર નરેન્દ્ર મોદી સૌથી વધુ વાર - 2942 વાર 'કોંગ્રેસ' શબ્દ બોલ્યા હતા. એ પછીના ક્રમે આવે છે શબ્દ 'મોદી' જે એ 2862 વાર બોલ્યા. આ જ રીતે : ગરીબ (929) - S -OBC (633) - ડેવલપમેન્ટ (633) - ઈન્ડિયા બ્લોક (518) - મોદી કી ગૅરન્ટી (518)- ભ્રષ્ટાચાર (341) - મહિલા (244) - મુસ્લિમ (286) - પાકિસ્તાન (105) - રામમંદિર (244) - પરિવારવાદ (91) આ ઉપરાંત, આત્મનિર્ભર ભારત -અમૃતકાલ , ઈત્યાદિ શબ્દો પણ બોલ્યા હતા.

» જો કે, રાજકીય સમીક્ષકોનું કહેવું એમ છે કે મોદીજીએ એમનાં પ્રવચનોમાં મોંઘવારી અને બેરોજગારી-બેકારી વિશે જરા પણ વાત ન કરી એનાથી ગરીબ અને મધ્યમ વર્ગ બહુ નારાજ રહ્યો ને પછી ચૂંટણીનાં જે પરિણામ આવ્યાં એ તો જગજાહેર છે.

» હમણાં દક્ષિણ કોરિયાની મેમરી ચિપ બનાવતી એક મોટી કંપનીના માલિક છૂટાછેડા માટે કોર્ટે ચઢ્યો તો એની સંપત્તિ-મિલકત વગેરેની આકારણી કરીને કોર્ટે ડિવોર્સ મંજૂર કર્યા અને પેલા માલિકને ફરમાન કર્યું કે ભરણપોષણ પેઠે એણે પત્નીને 1 અબજ ડોલર -અંદાજે 8333 કરોડ રૂપિયા ચૂકવવાના અને એ પણ કેશ - ખણખણતા રોકડા!

### * ઈશિતાની એલચી *

**પ્રેમ પ્રવેશે છે બારીમાંથી પણ જાય છે બારણું પછાડીને!!**